સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સચિવાલય સૂનું છે હવે કોબામાં ધમલમ્ છે!
નોરતાંની ના પાડશો તમે તો હવે કમલમ્ છે!
ભમલમ્ થશે મા આનંદીબેન સાથે ગરબાનું -
છે દોરડાં ખેંચ સત્તાની 'બે કેન્દ્ર'માં અમલમ્ છે...

હાઈકુ

મૂકી દો શર્તો -
'દારૂબંધી' જેવી ને -
આપી દો રજા !
(છોરૂ કછોરૂ ન થાય!

નહીં માનો તો -
'ગબ્બર'ની સહેજો -
લ્યો ! લાલ આંખ!
(માતાજીનું માન રાખો!)

ચિંતન

ઈજયાચારર્દમા હિંસા દાન સ્વાધ્યાય કર્મણામ્ ।
અયં તુ પરમો ધર્મો યદં, યોગેનાત્મ દર્શનમ્ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં ઓઆવેલ છે.

યજ્ઞ, સદાચાર, ઈન્દ્રિયસંયમ, અહિંસા, દાન અને સ્વાધ્યાય - આટલા ધર્મના લક્ષણ તો છે જ પરંતુ સર્વમાં આત્મભાવનો અનુભવ કરવા રુપી 'યોગ' તો સર્વોત્તમ ધર્મ છે.

સાચો અને સર્વોત્તમ ધર્મ દરેક માનવીમાં એકાત્મભાવ કેળવવામાં છે. ગરીબ હોય કે તવંગર કોઈ પણ નાતજાતનો હોય ગમે તે ધર્મનો હોય એ ઈશ્વરનું સર્જન છે. ઈશ્વરે બનાવેલી બધી જ સૃષ્ટિમાં ઈશ્વરનો અંશ છે. દરેકમાં ઈશ્વરને જોવા એ જ એકાત્મભાવ છે, પછી એકમેકના ઘર સળગાવવા, બૉંબ વિસ્ફોટ કરી નાશ કરવો, બંદૂકની ગોળીએ ઉડાડી દેવા - એ પોતાના અલ્લાહ - ઈશ્વરનો જ દ્રોહ કરવો નથી શું...

સર્વમાં ઈશ્વરનો અંશ જોવો એ જ ધર્મ છે.

સુવિચાર

- નિયત કિતની ભી અચ્છી હો દુનિયા આપ કો દિખાવે સે જાનતી હૈ, ઔર દિખાવા કિતના ભી ઈચ્છા હો, ભગવાન આપકો આપકી નિયત સે જાનતા હૈ - **બૌધિ વૃક્ષ**
- માણસો પણ કેવા? ભાગાકાર પછી વધેલી શેષ જેવા, હરતા ફરતા જીવતા-જાગતા પણ અંદર તો અવશેષ જેવા - **તારિકા જોષી**
- મહેનત વિના આવે તે પૈસા, પરસેવાથી આવે તે લક્ષ્મી, અને પર સેવા માટે વપરાય તે મહાલક્ષ્મી - **જીવન પાથેય**
- ભસ્મ થઈ ઈચ્છાઓ સઘલી, તેમ છતાં..., રાખમાં કેંક તો હલચલ જણાય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- વહેંચતા વહેંચતા છેલ્લે 'હું' જ વધ્યો, કોઈએ ના લીધો... બધા પાસે 'હું' હતો - **મહેશ ગઢવી**
- બીજાના અવગુણ શોધવાનો સમય મળતો હોય, તો સમજી લો કે હજી પણ આપણે બેરોજગાર છીએ - **દિવ્ય ભાસ્કર**
- આજનું ઔષધ : ગરોળી કરડે ત્યારે સરસવના તેલમાં રાખ મેળવીને ઘા પર લગાડવાથી તરત આરામ થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

માણસને જગત ત્યારે જ સુખી દેખાય જયારે તે પોતે સુખી હોય. પેટ ભરાયું તો પાટણ ભરાયું પણઆ જ કહેવા માંગે છે. અમાસની રાત્રે રાજા વેશ પલટો કરી નગરના પાદરે આવેલ કર્મકાંડીના ઘરે ગયા અને બ્રાહ્મણને પૂછ્યું, 'આપણા નગરના લોકો સુખી તો છે ને?' બ્રાહ્મણે કહ્યું, 'સુખી?? અરે બહુ સુખી છે. લોકો આનંદ કરે છે. ખાઈ-પીને આનંદ કરે છે અને ચાંદીના પ્યાલામાં તોએ તેઓ પાણી પીવે છે.' રાજા ખુશ થઈ પરત ફર્યા. બીજે દિવસે તેણે મંત્રીને વાત કરી. મંત્રી ચતુર હતા. તેઓ દિવસે બ્રાહ્મણને મળવા ગયા. એ સમયે તેમના પત્ની કઈ બહાર ગયા હતા. તેમણે બ્રાહ્મણ સાથે વાતચીતમાં પેલો ચાંદીનો ગ્લાસ લઈ લીધો. બે દિવસ પછી મંત્રીએ રાજાને કહ્યું, 'આજે રાત્રે ફરી આપ એ જ બ્રાહ્મણના ઘરે જઈ ફરી પૂછજો.' રાજા ફરી પેલા બ્રાહ્મણને મળવા પહોંચ્યા. અને ફરી એ જ પ્રશ્ન પૂછ્યો. 'આપણા નગરના લોકો સુખી તો છે ને?' બ્રાહ્મણે ઉદાસી સાથે કહ્યું, 'મહાશય, ખરેખર કહું તો લોકો બહુ દુઃખી છે. ખાવાના પણ ફાંફાં છે અને ચાંદીના ગ્લાસ એ તો કાલ્પનિક વાર્તા છે. ખરેખર તો લોકોને પાણી પણ પીવાનું મળતું નથી.' રાજાએ બીજે દિવસે મંત્રીને બ્રાહ્મણનો જવાબ સંભળાવ્યો ત્યારે ચતુર મંત્રીએ કહ્યું કે આપ સુખી તો જ જગ સુખી... સાર એ છે કે જગત ને જોવાની દૃષ્ટિ માણસના પોતાના અનુભવો પર આધારિત છે.

ધીરે ધીરે કોરોનાનો ભય ખંખેરાઈ રહ્યો છે

તંત્રીસ્થાનેથી...

કોરોનાનો સ્કોર સતત વધતો જાય છે. મૃત્યુઆંક પણ લગોલગ વધે છે. પરંતુ સરકારની તિજોરી ખાલી થઈ ગઈ છે. લોકો કામધંધે વળે તો એને ટેક્સની આવક થાય. આ બાબત માંધાતાઓને બરોબર સમજાઈ ગઈ છે. હવે લોકડાઉન જેવો અખતરો ખતરો બની રહે એમ છે. એટલે નાણાંમંત્રી સીતારામનની જેમ કોરોનાને ઈશ્વરે મોકલીને દેશનું અર્થતંત્ર જોખમાવ્યું છે એવી બેહૂદી અને અવૈજ્ઞાનિક કબૂલાત કરતાં સરકાર શરમાતી નથી. લોકોને રાજી અને રોટી ખપે છે. સરકાર પાસે એમને ઘેરબેઠાં પોષવાની કોઈ જ વ્યવસ્થા નથી. આવી 'જાન' કરતાં 'જહાન' વધુ અગત્યનું વાનું બની રહેલ છે ત્યારે નાછૂટકે શરૂ કરેલી અનલૉક પ્રક્રિયાને આગળ ધપાવ્યા વિના ચાલે તેમ નથી. અનલોક-૪ શરૂ થતાં જ લોકોને નવી છૂટછાટો મળશે. મેટ્રો ટ્રેનો ચાલુ થશે, અલબત્ત ૭ સપ્ટેમ્બરથી. પરંતુ અનલોક-૪ની ઘણી જોગવાઈઓ પહેલી સપ્ટેમ્બરથી જ લાગુ થઈ જશે. માસ્ક પહેરવા, સોશિયલ ડિસ્ટંસિંગનું પાલન કરવું, થર્મલ સ્ક્રિનિંગ, હેન્ડવોશ અને સેનીટાઈઝરનો ઉપયોગ ફરજિયાત રહેશે. ખાસ તો ૨૧ સપ્ટેમ્બરથી ધાર્મિક, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક અને મનોરંજન કાર્યક્રમો સંદર્ભે મળનારી છૂટછાટ મહત્ત્વની બની રહેશે. સૌથી વધુ નહીં એટલી સંખ્યામાં લોકો નિર્ધારિત નિયમ અનુસાર આવા કાર્યક્રમો કરી શકશે. સિનેમાગૃહો, પાર્ક, સ્વિમિંગ પુલ વગેરે બંધ રહેશે પરંતુ ઓપન એર થિયેટરોમાં ફિલ્મો બતાવી શકાશે. મેટ્રોની સાથે ટ્રેનો પણ તબક્કાવાર ચાલુ થશે. જો કે હવાઈ યાત્રામાં સરકારી મંજૂરીવાળી ફલાઈટો જ ઉડ્ડયન ભરી શકશે. શાળા કોલેજો આ આખા અનલોક-૪ના એક મહિના દરમિયાન બંધ રહેશે પરંતુ ૯ થી ૧૨ ધોરણ સુધીના વિદ્યાર્થીઓ માતાપિતાની મંજૂરી સાથે શિક્ષકોનું માર્ગદર્શન મેળવવા બે-ત્રણ કલાક પૂરતા શાળાએ જઈ શકશે. શાળાઓમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ ૫૦ ટકાના ધારણો કામ કરશે અને ઓનલાઈન શિક્ષણ વ્યવસ્થા ચાલુ રહેશે.

ટેલિકાઉન્સેલિંગથી ચાલતું શિક્ષણ ચાલુ રહેશે પરંતુ પીએચડી અને પ્રોફેશનલ કે ટેકનિકલ અભ્યાસક્રમોમાં લેબેરોટરી વગેરે ચાલુ થતાં વિદ્યાર્થીઓની તૂટી ગયેલી લિંક જોડાઈ જશે. ટૂંકમાં ધીરે ધીરે સરકાર બધું નોર્મલ કરવાની દિશામાં આગળ વધી રહી છે. કેન્દ્ર સરકારની મંજૂરી વગર રાજય સરકારો કે નગરપાલિકાઓ લોકડાઉન જાહેર નહીં કરી શકે. કન્ટેન્મેન્ટ ઝોન સિવાયના લોકો જ છૂટછાટોનો લાભ લઈ શકશે. કેન્દ્ર સરકારે પોતાની લોકડાઉન પ્રક્રિયાની ભૂલો સુધારવાની શરૂઆત કરી છે. જો કે કોરોના સંક્રમણ પર ધાર્યો કાબૂ નથી મેળવી શકાયો તે હકીકત છે. ફક્ત એ વાતનો સંતોષ લઈ શકાય છે કે સાજા થનાર કેસોનું પ્રમાણ દિવસે દિવસે વધતું જાય છે. કોરોના સાથે જીવી લેવાની નવી જીવનશૈલી લોકોને અનુકૂળ આવશે કે કેમ તે પ્રશ્ન છે. દંડની ધાક છતાં જાહેર રસ્તાઓ પર અનેક વાહનચાલકો અને વટેમાર્ગુઓ માસ્ક વગર જ ફરતા જોવા મળે છે. વિદ્યાર્થીઓને એમની કારકિર્દીની ચિંતા છે. ગુજરાત સરકારે 'ગુજકેટ' ની પરીક્ષા સફળતાપૂર્વક યોજી બતાવી છે. સુપ્રીમ કોર્ટે પણ જેઈઈ અને નીટ જેવી પરીક્ષાઓ નહીં યોજવા માટેની વિપક્ષોની યાચિકાને દાદ આપવા સંમત નથી. વિપક્ષો પરીક્ષા યોજવાથી લાખો વિદ્યાર્થીઓ સંક્રમણનો ભોગ બનશે એવી બીક બતાવી રહ્યા છે પરંતુ વાલીઓ અને વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ બગડે નહીં એની ફિકર છે. અનલોક-૪ પૂરું તથાં અનલોક-૫ દરમિયાન બાકી રહેલાં બંધનોથી પણ મુક્તિ મળશે એની શક્યતા છે. આખરે માનવીને લાંબો સમય ઘરમાં પુરાઈ રહેવાનું ન જ ગમે. મોતની બીક હોવા છતાં રોજીરોટી માટે તો બહાર નીકળવું જ રહ્યું ! સરકાર પણ વધુ લાંબો સમય નિયંત્રણો લાદવાના પક્ષમાં નથી.

ધ ગુજરાત લેન્ડ ગ્રેબીંગ એકટ-૨૦૨૦ ની જોગવાઈઓ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ગુજરાત રાજયમાં કોઈપણ સ્વરૂપે જમીન હડપવી કે જમીન હડપવાના હેતુથી કરેલ અન્ય કોઈપણ પ્રકારની ગતિવિધિ હવેથી પ્રતિબંધીત, ગેરકાનૂની અને દંડનીય અપરાધ ગણવામાં આવશે.

ગુજરાત સરકારે ધ ગુજરાત ગ્રેબીંગ (પ્રોહિબીશન) એટક વટ હુકમ સ્વરૂપે બહાર પાડી કાયદાકિય સ્વરૂપ આપેલ છે. જમીન હડપ કરનાર ભુમાફિયામાં આ કાયદાથી ફફડાટ ફેલાયો છે. નાના, ગરીબ અને અભણ ખેડૂતોની જમીનો ખોટા કરારો, લખાણો ખોટા પાવર ઓફ એર્ટની બનાવડાવી કબજો કરી આવી જમીન રેવન્યુ અધિકારીની સાંઠગાંઠથી અન્ય ત્રાહિતને બારોબાર વેચી મારવા આખી ટોળી સક્રિય બનેલ જેને નાથવા તથા ગરીબ ખેડૂતોની જમીન બચાવવા માટે ગુજરાત સરકારનું સહાનીય કાર્ય છે.

ધ ગુજરાત લેન્ડ ગ્રેબીંગ એકટ ૨૦૨૦ ની જોગવાઈ મુજબ જમીન જેવી કે પંચાયતો, પાલીકાઓ, મહાનગરપાલીકાઓ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની તથા ટ્રસ્ટ, ધાર્મિક સ્થાનકોની જમીનો ખેડૂતો કે ખાનગી વ્યક્તિની માલીકીની જમીનો ઉપર ગેરકાયદેસર કબજો જમાવી બારોબાર વેચી મારવાની પ્રવૃત્તિ કરનાર ભુમાફિયા તત્વો સામે કાયદાકિય પગલા ભરી આવા તત્વોને ૧૦ થી ૧૪ વર્ષની જેલ તથા દંડની જોગવાઈ માટે વટ હુકમ લાવવામાં આવશે.

ભુમાફિયાઓ રાજય સરકારની માલીકી કે અન્ય સત્તા મંડળની માલીકીની જમીનો બળજબરીથી ગુન્હાહિત ધાક,ધમકીગથી, છેતરપીંડીથી, બનાવટી કરારો, લખાણો તથા દસ્તાવેજો ઉભા કરી કરાવી પ્રત્યક્ષ કબજો જમીનનો હોય કે ના હોય છતાં ગેસ હક્કે, ગેરકાયદેસર રીતે કાયદો હાથમાં લઈ કબજો જમાવી અને કેટલાક કિસ્સાઓમાં વહિવટી તથા રેવન્યુ તંત્રને હાથમાં લઈ મેળાપીપણુ કરી, કરાવી આવી જમીનો પચાવી અન્ય ત્રાહિત વ્યક્તિઓને બારોબાર વેચાણ કરી ગેરકાયદેસર બાંધકામ કરી તેને કાયદેસર ઠરાવવા અપીલો કરી નામે કરવાના બનાવો વધવા લાગતા તથા આવી જમીનો ઉપર ગેરકાયદેસર વસાહતો ઉભી કરી દબાણો કરી ભાડા ઉઘરાવવાની પ્રવૃત્તિઓમાં વ્યાપક વધારો જોવા મળતા ગુજરાત સરકારે વટહુકમ લાવવાની તૈયારી કરી આવા તત્વોને જેલ ભેગા કરવા કાયદો પસાર કરવામાં આવશે.

રાજયમાં આ એકટના અલમથી ખેડૂતો, સામાન્ય માનવી કે ખાનગી માલીકી જાહેર સંસ્થાની જમીનો ઉપર ગેરકાયદેસરનો અગરતો ડરાવી, ધમરાવીને કબજો જમાવી લેનાર તત્વો, ભુમાફિયાઓ સામે આકરી સજા અને શિક્ષાત્મક પગલા લેવા પોલીસ ખાતાને સત્તાઓ આપવામાં આવશે તેમજ જરૂર જણાય તેવા કિસ્સામાં આવા તત્વો સામે પાસાના હુકમ પણ કરવામાં આવશે.

રાજયમાં આવા કેસો ચલાવવા માટે સ્પેશ્યલ કોર્ટની સ્થાપના કરવામાં આવશે તેમજ આવા કેસો દાખલ થવાના છ માસમાં કોર્ટમાં પૂર્ણ કરી ચુકાદો આપવાનો રહેશે. રાજય સરકાર કેસોની ઝડપી સુનવણી માટે દરેક વિશેષ અદાલતમાં એક સરકારી વકિલ (સ્પેશ્યલ પબ્લીક પ્રોસીકયુટર)ની નિમણુંક કરશે. આવી અદાલતનો જજશ્રીને સુઓમોટો કરવાની સત્તા પણ આપવામાં આવશે જેથી જમીન હડપ કરનાર સામે સરકાર ફરીયાદી બની ઝડપી કાર્યવાહી કરી ભોગ બનનાર ને ત્વરીત અને ઝડપી ન્યાય મળશે, ગુન્હેગારને ૧૦ થી ૧૪ વર્ષની જેલ તથા જમીનની જંત્રીની કિંમત જેટલો દંડ પણ ફટકારવામાં આવશે. દંડ ના ભરવાના કિસ્સામાં જેલની સજામાં વધારો કરવામાં આવશે.

હાલમાં ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ના હોય રાજય મંત્રીમંડળમાં બેઠક કરી બહુમતીથી પ્રસ્તાવ પાસ કરી વટહુકમ બહાર પાડેલ છે. આ વટહુકમની જોગવાઈઓ તાત્કાલીક ધોરણથી ગુજરાતમાં અમલી બનશે

રાજયમાં ઔદ્યોગીક, વાણિજય તથા રહેણાંકની જમીનોની માંગમાં એકએક વધારો થતા ભુમાફિયા સ્થાનિક સંસ્થા, ખેડૂતો તથા ધર્મસ્થાનોની જગ્યાઓ પોતાનાનામે કે મેળાપીપણુ કરનારના નામે ગેરકાયદેસર રીતે ચઢાવી બારોબાર વેચવાના કિસ્સામાં એકાએક વધારો થતા તથા રાતોરાત માલદાર થવાના પ્રયત્નોમાં ભુમાફિયા જમીન દલાલો આવી ગેસરકાદેસરની પ્રવૃત્તિ હાથ ધરતા તેમને ઉગતા ડામી દેવા રાજય સરકારે તાત્કાલિક વટ હુકમ બહાર પાડેલ છે. આગામી વિધાન સભા સત્રમાં આ વટ હુકમને કાયદાનું સ્વરૂપ આપી મંજુરી આપવામાં આવશે. આ કાયદાથી ભુમાફિયામાં ફફડાટ ફેલાતા અન્ડર ગ્રાઉન્ડ થઈ ગયા છે. ભુમાફિયાઓને સજા કરવા સ્પે. અદાલત કોર્ટ લેન્ડ ગ્રેબર ઉપર બર્ડન ઓફ પ્રુફની જવાબદારી નક્કિ કરશે. આ કાયદા હેઠળના ગુન્હાઓની તપાસ નાયબ પોલીસ અધિક્ષકના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારી દ્વારા કરી કોર્ટમાં ચાર્જશીટ દાખલ થયાથી છ માસમાં સ્પે. કોર્ટમાં હુકમ કરશે. ધરતીપુત્રોમાં આ કાયદાથી આનંદની લાગણી પ્રસરી છે.

મોજ આવી શકે છે સાગરની, ખુદના ખાબોચિયે તરે કોઈ

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

મોજ આવી શકે છે સાગરની,
ખુદના ખાબોચિયે તરે કોઈ.

- 'મરીઝ'

આપણે બધા જાતને પ્રેમ કરનારા 'attention seekes' છીએ! 'કોરોના' નામની આ મહામારીએ આપણને બધાને જાતમાં ડોકિયું કરવાની એક તક આપી છે. કુદરતના અન્ય સર્જન હંમેશા આપ્યા જ કરે અને આપણે નિરંતર માંગ્યા જ કરીએ છીએ. આપણી ભૂલ કયાં થઈ, આપણે કયાં સતત કુદરતને હાનિ પહોંચાડતા જ રહ્યા તેમ જ આપણે કયારે સંવેદનહીન મશીન, બની રહ્યા તેનો અહેસાસ આપણને આ 'લોકડાઉને' કરાવ્યો ! શાંતિલાલ ડગલીએ નોંધેલી અમેરિકાની આ વાર્તામાં જે સંવેદનશીલ દીકરીનો ઉલ્લેખ કર્યો છે એ કદાચ હવે આપણે સમજી શકીએ તેટલા સંવેદનશીલ બન્યા છીએ !

એક નાના દેવળ પાસે ડૂસકાં ભરતી એક બાળા બહાર ઊભી હતી. 'અંદર હવે જગ્યા નથી.' એમ કહીને તેને દેવળમાં આવવા દીધી નહોતી.

થોડીવારમાં વડા પાદરી એની પાસેથી પસાર થયા ત્યારે એને ડૂસકાં ભરતી જોઈને કારણ પૂછ્યું, તો તેણે કહ્યું : 'મને દેવળની રવિવારની પાઠશાળામાં જવા દેતા નથી.' એ લઘરવઘર અને મેલીઘેલી છોકરી પ્રત્યે એમને કરુણા ઊપજી. હાથ પકડીને વડા પાદરી એને અંદર લઈ ગયા અને બીજાં બાળકો સાથે તેને રવિવારની પાઠશાળામાં બેસાડી. છોકરીના આનંદનો પાર ન રહ્યો. એ છોકરી સૌને એટલી વહાલી લાગી કે તેને બીજી છોકરીઓ સાથે રૂમમાં રહેવા-સૂવાની લગવડ કરી આપી. રાતે તેણે સરસ ઊંઘ લીધી. પણ ભગવાનને ભજવાની આવી સગવડ જે બાળકોને નથી મળતી એ તેને સૂતાં પહેલાં બહુ યાદ આવ્યાં.

એ છોકરીનાં મા-બાપ તો ઝૂંપડપટ્ટીમાં રહેતા હતા, એટલે બીજે દિવસે એ એમની પાસે ચાલી ગઈ. પણ દેવળની રવિવારની પાઠશાળામાં હવે એ નિયમિત જતી હતી.

બેએક વરસ પછી એક દિવસ એ છોકરીનું શબ ગરીબો માટેની વસાહતના એક મકાનમાં પડેલું જોવા મળ્યું.

એની અંતિમક્રિયામાં મદદરુપ થવા મા-બાપે એના દોસ્ત બની ગયેલા પેલા વડા પાદરીને બોલાવ્યા. એમને આવીને છોકરીના શબને સરખી રીતે મૂકવા ઉપાડ્યું, તો ચીંથરેહાલ એક નાનો બટવો એની નીચે પડેલો જોયો. કોઈ ઉકરડામાંથી તેને આ બટવો મળ્યો હશે એવો લાગતો હતો. એ બટવામાં ૫૭ સેન્ટ હતા અને સાથે એક ચબરખી હતી. બાળકના જેવા ગડબડિયા અક્ષરવાળી એ ચબરખીમાં લખ્યું હતું : 'વધુ બાળકો સમાઈ શકે એવી મોટી પાઠશાળા બાંધવાના કામ આવે એ માટે આ પૈસા છે; દેવળમાં આપી દેવાના છે.'

પાઠશાળા પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને એ છોકરીએ બે વરસમાં આટલી બચત કેવી રીતે કરી હશે તેના વિચારથી વડા પાદરી દ્રવિત થઈ ગયા.

દેવળના વિસ્તારના લોકો સુખચેન માટે ખેવના રાખતા સુખી શુભેચ્છકોની મિટિંગ તેમને બીજે દિવસે બોલાવી. પેલો બટવો અને પેલી ચબરખી ટેબલ પર મૂકીને તેમણે વાત શરૂ કરી. એ છોકરીના નિઃસ્વાર્થ પ્રેમ અને ભક્તિભાવ વિશેની આખી કથા એમને કહી અને પાઠશાળા માટે વધુ મોટું મકાન બાંધવા ભંડોળ ભેગું કરવા કમ્મર કસવા સૌને અપીલ કરી.

સ્થાનિક છાપામાં આ આખી વાત સારી રીતે પ્રસિદ્ધ થઈ; એક ધનિકના વાંચવા એ આવી. તેમને લાખો રૂપિયાની કિંમતની ગણાય એવી જમીન બહુ ઓછી રકમ લઈને આપવા ઓફર કરી. દેવળના સંચાલકોએ એમને જણાવ્યું કે આખી જમીન દેવળને ૫૭ સેંટમાં આપી દેવા તૈયાર છું.

જમીન તો મળી. હવે મકાન બાંધવા પૈસા જોઈએ ને ! નિઃસ્વાર્થ પ્રેમથી પેલી નાની છોકરી જે દાન આપતી ગઈ હતી તેણે ચમત્કાર સર્જ્યો. દાનનો ધોધ વરસવા માંડ્યો. એ છોકરીના અરધા ડોલર જેટલા દાનની રકમ વધીને અઢી કરોડ ડૉલર જેટલી થઈ ગઈ. વીસમી સદીના આરંભકાળની આ વાત છે. એટલે એ જમાનામાં તો આ રકમ ઘણીબધી મોટી ગણાય.

અમેરિકાના વિખ્યાત શહેર ફિલાડેલ્ફિયાની આ બધી કથા છે. રવિવારની સવારની પાઠશાળાનું મજાનું મોટું મકાન તો થયું જ. એ ઉપરાંત, ત્રણ હજાર લોકો બેસી શકે એવું મોટું દેવળનું મકાન બન્યું. એક સરસ હોસ્પિટલ પણ થઈ અને હજારો વિદ્યાર્થીઓ ભણી શકે એવી વિખ્યાત ટેમ્પલ યુનિવર્સિટી પણ ઊભી થઈ.

પાઠશાળાના મકાનના એક ઓરડામાં પેલી નાની છોકરીની તસવીર મૂકવામાં આવી છે. સાથે પેલા કરુણામૂર્તિ વડા પાદરીની પણ તસ્વીર છે.

Last Seen :

મૃત્યુ એ ઈશ્વરની આપણા પર અંતિમ કૃપા છે.

- ડો. નિમિત્ત ઓઝા

nehalgadhavi101@gmail.com

ઉત્તરપ્રદેશમાં શ્રીરામ વિરુદ્ધ પરશુરામ મુદ્દે રાજકીય ઝૂંટાઝૂંટ

અતિતની આજ
ડો. હરિ દેસાઈ

અયોધ્યામાં ભગવાન શ્રી રામના ભવ્ય મંદિરના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે શિલાન્યાસ કરાવવાનો યશ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ખાટી જાય અને ઉત્તરપ્રદેશના બહુમતી હિંદુઓ ભારતીય જનતા પક્ષ (ભાજપ) ભણી વળવાની આશંકા વિપક્ષોને છે. લઈને ગેંગસ્ટર વિકાસ દુબેના વિવાદાસ્પદ એક્રાઉન્ટર પછી અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી (સપા) અને માયાવતીની બહુજન સમાજ પાર્ટી (બસપા) રીતસર ભગવાન પરશુરામની ભવ્ય પ્રતિમાઓ સ્થાપિત કરવાના નામે સક્રિય થઈ પ્રદેશની ૯ % બ્રાહ્મણ વોટબેંકને મનાવવા મેદાને પડી છે. ભગવાન વિષ્ણુના છટ્ઠા અવતાર મનાતા પરશુ(ફરશી)ધારી પરશુરામે ૨૧ વાર ધરતીને નક્ષત્રી કરી હતી અને પોતાના પિતા જમદગ્નિ ઋષિના આદેશથી ''માનસિક સ્ખલન અનુભવનાર'' માતા રેણુકાની હત્યા પણ કરી હતી. જોકે પિતાની આજ્ઞા માની પ્રસન્ન થતાં તેમની કનેથી વરદાન મેળવીને માતા રેણુકાને ફરી જીવિત કર્યાનું પણ કહેવાય છે. કેરળથી લઈને ઉત્તર સુધી પરશુરામનો અનેરો મહિમા છે. ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટીની અખિલેશ સરકારે પરશુરામ જયંતીની જાહેર રજા આપી હતી, પણ ભાજપની યોગી સરકારે એ જાહેર રજાને ૨૦૧૭માં રદ કરી હોવાના મુદ્દે પણ રાજકીય ખેંચતાણ ચાલી રહી છે. અત્રે એ યાદ રહે કે વર્તમાન મુખ્યમંત્રી યોગી પૂર્વાશ્રમમાં રાજપૂત પરિવારના હોવા ઉપરાંત રાજ્ય ભાજપી મુખ્યમંત્રી રહેલા વર્તમાન સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ પણ રાજપૂત હોવાથી ભાજપ બ્રાહ્મણોને અન્યાય કરી રહ્યાની વાત સાથે ક્ષત્રિય કુળના રાજા રામના મંદિરના નિર્માણના મુદ્દા સામે અખિલેશ અને માયાવતી પરશુરામને આગળ કરી રાજકીય લાભ ખાટવાની કોશિશ કરે છે. મુખ્યમંત્રી યોગી તો ભગવાન શ્રી રામ અને ભગવાન શ્રી પરશુરામને સરખો આદર આપવાની પોતાની ભૂમિકા સ્પષ્ટ કરે છે. ચોથા ક્રમે હડસાયેલી કોંગ્રેસ ક્યારેક બ્રાહ્મણ વોટબેંક પર પ્રભાવ ધરાવતી હતી અને હવે એ પણ પરશુરામ જયંતીની જાહેર રજાના કોરસગાનમાં સામેલ છે. ધાર્મિક લાગણી અને મતબેંકના રાજકારણમાં તર્ક કરતાં ભાવના વધુ કામ કરે છે અને અત્યારે તો આ મુદ્દે ઉત્તરપ્રદેશની વિધાનસભાની આગામી ૨૦૨૨માં યોજાવાની ચૂંટણીની ભૂમિકા તૈયાર થઈ રહી છે.

ઉત્તરપ્રદેશનો રાજકીય ઉકળાટ

ગુજરાતમાં રાજકોટથી ઊઠેલી પરશુરામ જયંતીની જાહેર રજાની માંગણીને કેશુભાઈ પટેલ મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાત સરકારે સ્વીકારી હતી. જોકે અન્ય રાજ્યોમાં જાહેર રજા અને પ્રતિમાઓની સ્પર્ધામાં પરશુરામ ભગવાન હજુ અટવાયેલા જ લાગે છે. આ મુદ્દે રાજકીય ઉહાપોહ થતો રહે છે. સરયૂ તટે શ્રી રામની પ્રતિમા અને અયોધ્યામાં શ્રી રામ મંદિર નિર્માણ સામે ક્યારેક હોસ્પિટલો અને શાળાઓ બાંધવાની જાહેરાતો કરતા રહેલા સમાજવાદી પાર્ટીના સુપ્રીમો અખિલેશ યાદવ પણ ભગવાન શ્રી કૃષ્ણની ભવ્ય પ્રતિમા અને લખનઉમાં ૧૦૮ ફીટ ઊંચી ભગવાન શ્રી પરશુરામની મૂર્તિ સ્થાપિત કરવા મેદાને પડ્યા છે. ક્યારેક બ્રાહ્મણોને જૂતાં મારવાની હાકલ કરનારાં માયાવતી પણ ''સમાજવાદી સરકારે

- **અખિલેશ યાદવ શ્રીકૃષ્ણની ભવ્ય પ્રતિમા અને લખનઉમાં ૧૦૮ ફીટ ઊંચી પરશુરામની મૂર્તિ સ્થાપિત કરવા મેદાને**
- **ક્યારેક બ્રાહ્મણોને જૂતાં મારવાની હાકલ કરનારાં માયાવતી હવે પ્રદેશની ૯ % બ્રાહ્મણ વોટબેંકને મનાવવા મેદાને**
- **માયાવતી તો ક્યારેક ભાજપના ટેકે તો ક્યારેક સમાજવાદી પાર્ટીના ટેકે અને છેલ્લે આપબળે મુખ્યમંત્રી થયાં હતાં**
- **પરશુરામને વરદાન હતું કે જ્યાં તેમનું પરશુ (ફરશી) સમુદ્રમાં પડશે ત્યાં સમુદ્રનું જળ સૂકાઈ પૃથ્વી (કેરળ) બનશે.**

પરશુરામની ભવ્ય પ્રતિમા એની સરકાર હતી ત્યારે કેમ ના સ્થાપિત કરી?'' એવો સવાલ ઊઠાવીને કહે છે કે આવતા દિવસોમાં બહુજન સમાજ પાર્ટીની સરકાર આવતાં જ અમે લખનઉમાં ૧૦૮ ફીટ ઊંચી કે તેથી પણ ઊંચી પરશુરામની પ્રતિમા સ્થાપિત કરીશું. માયાવતીએ પોતાની સરકાર હતી ત્યારે ડૉ.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાઓની સાથે જ પોતાના પક્ષના સંસ્થાપક કાંશીરામ અને સ્વયંની તથા પોતાના ચૂંટણી ચિહ્ન હાથીની ભવ્ય પ્રતિમાઓ સ્થાપિત કરી હતી. આ મામલો છેક સુપ્રીમ કોર્ટ સુધી ગાજ્યો હતો. અત્યારે ઉત્તરપ્રદેશમાં બ્રાહ્મણ રાજકારણના ચાલી રહેલા ઘમાસાણ અંગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ કહે છે કે જેમણે રામભક્તો પર ગોળીઓ વરસાવી હતી (મુલાયમસિંહ યાદવ સરકારે) તેઓ હવે સમાજને વિભાજીત કરવાના રાજકીય ખેલ ખેલી રહ્યા છે.વર્ષ ૨૦૧૭માં યોગી સરકારે લખનઉમાં સત્તા સંભાળ્યા બાદ મહાપુરુષોના જન્મદિન કે પુણ્યતિથિ પર અપાતી ૧૫ જાહેર રજાઓ રદ કરી હતી. તેમાં ચંદ્રશેખર જયંતી, પરશુરામ જયંતી, મહારાણા પ્રતાપ જયંતી,કર્પૂરી ઠાકુર જયંતી, વિશ્વકર્મા પૂજા, વાલ્મીકિ જયંતી, જમાત-ઉલ-વિદા અને ચૌધરી ચરણસિંહ જયંતીની રજાઓનો પણ સમાવેશ હતો. વર્ષ ૨૦૧૭માં સત્તામાં આવતાંની સાથે જ આદિત્યનાથે અયોધ્યામાં સરયૂ તટ પર વિશ્વમાં સૌથી ઊંચી એવી ૨૫૧ ફીટની ભગવાન શ્રી રામની પ્રતિમા સ્થાપિત કરવાની ઘોષણા કરી હતી.

બધા એક જ માળાના મણકા

સંયોગ તો જુઓ કે દલિત વોટબેંકના ટેકે માયાવતીએ રાજકારણમાં પદાર્પણ કર્યું પણ એ ક્યારેક ભાજપના ટેકે તો ક્યારેક સમાજવાદી પાર્ટીના ટેકે અને છેલ્લે આપબળે મુખ્યમંત્રી થયાં હતાં;પણ જયારે અખિલેશ સાથે જોડાણ કરીને સત્તામાં આવવાની કોશિશ કરી ત્યારે એ સાવ ફેંકાઈ ગયાં એટલું જ નહીં સીબીઆઈ અને અન્ય કેન્દ્રીય એજન્સીઓના ચક્કરમાં એમણે કોંગ્રેસ સાથેના જોડાણને પણ તોડવાની વિવશતા અનુભવવી પડી છે. હવે ભાજપને પરાસ્ત કરીને પ્રદેશમાં સત્તામાં આવવા માટે માયાવતી અને અખિલેશ હવાતિયાં મારવા પોતાના પ્રજાકલ્યાણલક્ષી એજન્ડ